eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 324
August 31, 2012

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે તા.૧૧/૮/૨૦૧૨ ના રોજ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત વિધિ/લોકાર્પણવિધિ

સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે તા. ૧૧/૮/૨૦૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે રૂા.૧૨૩૯.૭૧ કરોડના ખર્ચનાં ૧૭ પ્રકલ્પોના ખાતમુર્હૂત તથા રૂા. ૪૪.૦૬ કરોડ ખર્ચના ૦૪ પ્રકલ્પોની લોકાર્પણવિધિ કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૬૬ માં સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા ડી. કે. એમ હોસ્પીટલ પાસે, ડો.ચંપકલાલ ઘીયામાર્ગ (કોટસફીલ રોડ) સુરત ખાતે ૧૫ મી ઓગષ્ટની ઉત્સાહભેર ઉજવણી વાદળ ઘેરા વાતાવરણ વચ્ચે મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદહસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી કરવામાં આવી હતી.

મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ ૬૬ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે ઉદ્‌બોધન કરતા જણાવ્યુ હતુ કે  જાહેર જનતાને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવું છુ તથા જીવનના તમામ ક્ષેત્રે પોતપોતાનો રાષ્ટ્રપ્રેમ વ્યકત કરવા આહવાન કરૂ છું. વધુમાં જણાવ્યુ  કે આપણું સુરત શહેર હવે લગભગ મેટ્રોસીટી થઈ જવાની તૈયારીમાં છે. અને આપણે મેટ્રોટ્રેનની સુવિધા વિકસાવવાની તૈયારીઓ શરૂ કરી રહયા છીએ. છેલ્લા દાયકાના આવા બેનમુન વિકાસના આપણે સાક્ષી બન્યા છીએ, તે આનંદની વાત છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪/૦૮/૨૦૧૨ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો  ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા  દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૫/૦૮/૧૨ ના  રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર, ઈશ્વરપુરા,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાની બાજુમાં, ડીંડોલી, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે તા.૧૧/૮/૨૦૧૨ ના રોજ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે તા. ૧૧/૮/૨૦૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે રૂા.૧૨૩૯.૭૧ કરોડના ખર્ચનાં ૧૭ પ્રકલ્પોના ખાતમુર્હૂત તથા રૂા. ૪૪.૦૬ કરોડ ખર્ચના ૦૪ પ્રકલ્પોની લોકાર્પણવિધિ કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા નવા સાકાર થનાર પ્રોજેકટોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ અંગેની વિગત. (૧) તાપી નદી ઉપર ચોક અને અડાજણ વિસ્તારને જોડતા નહેરૂપુલની બાજુમાં હોપપુલની જગ્યાએ નવો પુલ (૨) કતારગામ મેઈન રોડ ઉપર ફલાય ઓવર બ્રીજ(૩) વિશ્વકર્મા જંકશન, પૂણા ગામ પાસે ફલાય ઓવર બ્રીજ (૪) ઉત્રાણ અને અમરોલીને જોડતો રેલ્વે ઓવરબ્રીજ (૫) ભેદવાદથી ડીંડોલી રેલ્વે ઓવરબ્રીજ (૬) સુરત–કામરેજ રોડ ઉપર સવજી કોરાટ બ્રીજ જંકશન પર ફલાય ઓવરબ્રીજ (૭) સુરત હજીરા મેઈન રોડ ઉપર સ્ટાર બજાર જંકશન પર ફલાયઓવર બ્રીજ (૮) સરથાણા સીમાડાને જોડતા રસ્તા પર ખાડી બ્રીજ (૯) વરાછા વિસ્તારમાં સરિતાવિહાર સોસાયટી પાસે રસ્તા પર ખાડી બ્રીજ (૧૦) સુરત બારડોલી મેઈન રોડ ઉપર હયાત ખાડી પુલની વાઈડનીંગ કામ (૧૧) સુરત–બારડોલી મેઈન રોડ માર્કેટ પાસે ખાડી બ્રીજ વાઈડનીંગ (૧૨) મગોબ – ડુંભાલ ખાતે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ઈન્ટીગ્રેટેડ એમ્યુઝમેન્ટપાર્ક પ્રોજેકટ (૧૩) બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ (૧૪) ભટાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું વિસ્તૃતીકરણ (૧૫) સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું વિસ્તુતીકરણ (૧૬) શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં વરસાદી ગટર લાઈનાં કામો (૧૭) શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં સ્કુલ, બીલ્ડીંગ, કોમ્યુનીટી હોલ, વાંચનાલય, ગાર્ડન રોડ, ફૂટપાથ, પાણી વિતરણનાં કામોનાં પ્રોજેકટનું ખાતમુહૂર્ત તથા (૧) મોટા વરાછા ઉત્રાણ ખાતે ૩૭ એમએલડી ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશન, નેટવર્ક તથા રાઈઝીંગ મેઈનનું કામ (૨) મોટા વરાછા ખાતે ૧૧ એમએલડી ક્ષમતાનાં સુએઝ પંપીગ સ્ટેશન નેટવર્ક તથા રાઈઝીંગ મેઈનનુ ંકામ (૩) મોટા વરાછા જીઈબી ખાતે ૨૮ એમએલડી ક્ષમતાનાં સુએઝ પંપીંગ સ્ટેશન નેટવર્ક તથા રાઈઝીંગ મેઈનનું કામ (૪) કતારગામ વોટર વર્કસ ખાતે ૨૬૩ એમએલડી ક્ષમતાનો ઈન્ટેકવેલ પ્રોજેકટ

જે પ્રસંગે સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આજે સુરત શહેરમાં ભાજપના સમય દરમ્યાન અધિકારીઓના સંકલનમાં રહી શહેરનાં આંગણવાડી,વોટરવર્કસ, ડ્રેનેજ, શિક્ષણ, પાણી જેવી સંલગ્ન સવલતો પુરી પાડી બજેટમાં પર(બાવન), બ્રિજમાંથી ૪૮ બ્રિજો મંજુર કરવામાં આવેલ. જેમાં ૧૧ બ્રિજનું ખાતમુહૂર્ત થયેલ છે. ભારતીય જનતા પાર્ટીએ સુરત મહાનગરપાલિકાનાં અધિકારીશ્રીઓ સાથે સંકલનમાં રહીને સુરતનો વિકાસ કર્યો છે. સુરત શહેરમાં રાજ ગ્રીન ગ્રુપના સહયોગથી પબ્લીક પ્રાઈવેટ પાર્ટરશીપ હેઠળ ૪૦૦ કરોડના એમ્યુઝમેન્ટ પાર્કનુ સ્વપ્ન સાકાર થવા જઈ રહયુ છે. એમ્યુઝમેન્ટ પાર્કના પ્રોજેકટની જગ્યાનું ક્ષેત્રફળ ૫૬૭૩૦ ચો.મી (મોટા પ્લોટ ૪૧૫૩૦ ચો.મી અને નાના પ્લોટ ૧૫૨૦૦ પુરા ચો.મી ના વિસ્તારમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ રાજગ્રીન એમ્યુઝમેન્ટનાં આયોજકો મારફતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાવાળું એમ્યુઝમેન્ટ પાર્ક સાકાર થવા જઈ રહયુ છે. જેમાં CAROUSEL, INTERACTIVE DARK RIDE, MINI ROLLLER COASTER, FERRIS WHEEL, BUMPER CARS, DROP TOWER/FREE FALL RIDE, SPINNING ROLLER COASTER, SNOW SLIDES, ICE SKATING RINK, BRID FEEDING AREA, WAVE SWINGER, WATER PARK RIDES. જેવી રાઈડસ એમ્યુઝમેન્ટ પાર્કમાં નિર્માણ થવા જઈ રહી છે. ત્યારે શહેરની જનતાને આનંદોલ્લાસ/મનોરંજન માણવા વિદેશોમાં જવુ ન પડે જે ધ્યાનમાં લઈ તમામ સુવિધાઓ સહિત આ પ્રોજેકટ નિર્માણ થનાર છે.

આ પ્રસંગે મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકાનાં છેલ્લા ૧૫ વર્ષનાં ભાજપના શાસને સમગ્ર દેશમાં સુરત શહેર એક સુંદર કલીન સીટી તરીકે નામના અપાવી છે. સુરત શહેર સુરત મહાનગરપાલિકા ધ્વારા ડ્રેનેજ,રોડ,ફલાય ઓવર બ્રિજ, ખાડી ઓવરબ્રિજ, ખાડી બ્રિજ જેવી સુવિધાઓ શહેરી જનતાને પુરી પાડેલ છે. જેથી સુરત શહેર અન્ય રાજયોના શહેર કરતાં ખુબ અગ્રેસર રહયુ છે. સુરત શહેરમાં ઈન્ડસ્ટ્રીયલ વોટરને શુધ્ધિકરણનું કામ કરી એક માત્ર ગુજરાતમાં સુરત શહરે આ અંગેના પ્રોજેકટના ૧૬૫.૩૫ કરોડના ખર્ચે હાથ ધરનાર છે. પાણીનો સ્ત્રોત બચાવ તથા પર્યાવરણના સુધારાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાએ બમરોલી ખાતેથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી રીસાયકલીંગ કરી ઈન્ડસ્ટ્રીઝ માટે પુરુ પાડવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

**Continue …**

આ પ્રસંગે મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલે ઉદબોધન કરતાં જણાવ્યુ હતું કે સુરત શહેરમાં હાલનો વિકાસ ભાજપ શાસનને આભારી છે તથા સુરત શહેરની કાયાપલટ કરેલ છે. હાલ રાજગ્રીનના સહયોગથી એમ્યુઝમેન્ટ પાર્ક સુરત શહેરની રોનક વધારી સુરત શહેરના વિકાસની ગાથામાં વધારો કરેલ છે.

મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે ઉદબોધન કરતાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકામાં આજના દિવસે સુરત મહાનગરપાલિકાનો સુવર્ણ અક્ષરે લખાઈ એવો દિવસ છે. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને શાસકપક્ષની ટીમને હદયપૂવર્ક અભિનંદન આપું છે કે સુરત શહેરને કલીન સીટી તરીકે બિરુદ અપાવેલ છે. સુરત શહેરના વિકાસની ગાથામાં ભાજપ શાસનના ટુકા ગાળામાં સુરત શહેરે અનેક પડકારને ઝીલી શહેરના વિકાસની હારમાળા સર્જી ફલાય ઓવર બ્રિજ, રસ્તાઓ , એમ્યુઝમેન્ટ પાર્ક જેવા પ્રોજેકટો સાકારિત કરી જનતાને તમામ સુવિધાઓ પુરી પાડેલ છે.

મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ પ્રવચન કરતા જણાવ્યું હતું કે સુરત શહેર અન્ય શહેરોની હરોળ કરતાં ખુબ ઝડપી વિકાસ કરી રહેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી જનતાને વાહનવ્યવહારમાં જટીલ ટ્રાફિક સમસ્યાનાં નિવારણ અર્થે બીઆરટીએસ નાં પ્રોજેકટ તથા ફલાય ઓવરબ્રિજ/ખાડી બ્રિજ તથા શહેરમાં આનંદપ્રમોદ માટે બાગબગીચાઓ તેમજ મધ્યમ ગરીબ વર્ગનાં નાગરિકોનું આરોગ્ય સચવાય જેનાં માટે આરોગ્ય લક્ષી હોસ્પીટલોનું નિર્માણ તથા સીનીયર સીટીઝનો માટે લાઈબ્રેરીઓ તેમજ શહેરની અનેક સુવિધાની સાથો સાથ આનંદો ઉલ્લાસ/મનોરંજન માણવા બહાર જવું ન પડે તે માટે શહેરી જનતાને હવે દેશ–વિદેશમાં જે રીતનાં એમ્યુઝમેન્ટપાર્ક બને છે. તેવા એમ્યુઝમેન્ટ પાર્કનું નિર્માણ સુરત શહેરમાં રાજગ્રીન ગૃપ સાથે પબ્લીક પ્રાઈવેટ પાટનરશીપ હેઠળ ઈન્ટીગ્રેટેડ પ્રોજેકટ રૂા.૪૦૦/– કરોડનાં ખર્ચે નિર્માણ થનાર છે. સુરત શહેરનાં સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી ડિર્પાટમેન્ટને રૂા.૧.૪૪ કરોડનાં ખર્ચે બે વોટરબાઉઝર ફાળવવામાં આવેલ જેની ચાવી મા.મેયરશ્રીને અર્પણ કરેલ છે.

મા. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે સુરત શહેરમાં જે વિકાસ થઈ રહયો છે તે ગુજરાતના મા.મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોથી થયેલ છે. સુરત શહેર અન્ય શહેરો કરતાં અવિરત વિકાસ જેવા કે ડ્રેનેજ, પાણી, વ્યાપાર, શૈક્ષણિક રીતે તેમજ શહેરીજનોને રોજગારી પુરી પાડવામાં તથા શહેરનું દુષિત પાણીને શુધ્ધ કરી અન્ય પ્લાન્ટોમાં વપરાશમાં લઈ શકે તેમ જ પર્યાવરણમાં ઉપયોગી થઈ શકે તે હેતુસર ટર્શરી પ્લાન્ટનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં સુરત શહેર દિન પ્રતિદિન વિકાસની હરણફાળ ભરતું શહેર છે. સુરત શહેરનો વિકાસ કરવા માટે વિવિધ બ્રિજો, ફલાય ઓવરબ્રિજો તેમજ મેટ્રો ટ્રેન જેવાં મહત્વકાંક્ષી પ્રોજેકટો સાકાર થાય જેના માટે સૌનો સાથ, સૌનો વિકાસની સાથોસાથ હવે ગુજરાત ખૂબ જ ઝડપી વિકાસની પંથે પ્રયાણ કરી રહેલ છે. ત્યારે મા.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યુ હતુ કે ૨૦૦૧ પહેલા ગુ.સ.નું બજેટ ૬૦૦૦ કરોડનું હતુ જેની સામે આજે એક જ દિવસમાં એક જ કલાકમાં સુરત જેવાં વિકસીત શહેરમાં ૧૨૮૩ કરોડનાં પ્રકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ અંગેના કામો કરવામાં આવ્યા. જે જોતાં આજનાં અત્યંત આધુનિકરણનાં યુગમાં ગુજરાતનો જે વિકાસ થયો છે તે મારી દષ્ટિએ એક નાના ખાડા પુરવા સમાન છે. હજુ તો મારે ઘણા મોટા ખાડાઓ પુરી સમગ્ર ગુજરાતનો વિકાસ પ્રગતિનાં શિખરે પહોંચાડવાનો આશય છે. ગુજરાતને ટુરીઝમ કેન્દ્ર બનાવી ગુજરાતનો ટુરીઝમ ક્ષેત્રે વિકાસ બે ગણો વધારેલ છે. એમ્યુઝમેન્ટ પાર્ક વિવિધ સુવિધાઓથી સભર તથા આનંદો ઉલ્લાસથી ભરપુર બની રહે તેમ છે. સુરત મહાનગરપાલિકાને તેમજ રાજગ્રીનના આયોજકોને અભિનંદન આપતાં કહયું હતુ કે કોઈ પણ કાર્ય હિંમત અને સાહસથી શરૂઆત કરવાથી શકય બની શકે છે.

આ પ્રસંગે સુરત શહેરના પોલીસ કમિશ્નરશ્રીને મા.મુખ્યમંત્રીશ્રી દ્વારા સુરક્ષિત સલામત શહેર સુરત અંતર્ગત ટ્રાફિક એજયુકેશન ટ્રસ્ટને સુ.મ.ન.પા. તરફથી સી.સી.ટી.વી. કેમેરા માટે રૂા. ૨ કરોડનો ચેક ટ્રાફિક સમસ્યા તથા સુરક્ષા માટે અર્પણ કરવામાં આવેલ.

અંતમાં મુકેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, સી.આર.પાટીલ તથા ડે.મેયરશ્રી શ્રીમતી વર્ષાબેન રાણા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, કીરીટભાઈ પટેલ, નાનુભાઈ વાનાણી તેમજ રાજ તથા ગ્રીન ગ્રુપના ડીરેકટરો તથા મ્યુ.કમિશનરશ્રી તથા વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યોશ્રીઓ મ્યુ.અધિકારીશ્રીઓ, શહેરનાં આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૬૬ માં સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી




સુરત મહાનગરપાલિકા ધ્વારા ડી. કે. એમ હોસ્પીટલ પાસે, ડો.ચંપકલાલ ઘીયામાર્ગ (કોટસફીલ રોડ) સુરત ખાતે ૧૫ મી ઓગષ્ટની ઉત્સાહભેર ઉજવણી વાદળ ઘેરા વાતાવરણ વચ્ચે મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદહસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી કરવામાં આવી હતી.

મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ ૬૬ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે ઉદ્દબોધન કરતા જણાવ્યુ હતુ કે જાહેર જનતાને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવું છુ તથા જીવનના તમામ ક્ષેત્રે પોતપોતાનો રાષ્ટ્રપ્રેમ વ્યકત કરવા આહવાન કરૂ છું. વધુમાં જણાવ્યુ કે આપણું સુરત શહેર હવે લગભગ મેટ્રોસીટી થઈ જવાની તૈયારીમાં છે. અને આપણે મેટ્રોટ્રેનની સુવિધા વિકસાવવાની તૈયારીઓ શરૂ કરી રહયા છીએ. છેલ્લા દાયકાના આવા બેનમુન વિકાસના આપણે સાક્ષી બન્યા છીએ, તે આનંદની વાત છે.

હું હાલ જ વિકસિત કહેવાતા યુ. એસ. એ. ની મુલાકાત લઈ આવ્યો છું ત્યાં આર્થિક મંદીની કળમાંથી લોકો બેઠા થઈ રહયા છે.

આપણે ત્યાં પણ ''ઈકોનોમીક રીસેશન'' ની અસરો જણાઈ રહી છે એવા સમયમાં ભારતભરને ધંધા રોજગાર પુરો પાડનાર આપણા શહેરે સાવચેત રહેવાની જરૂર જણાય છે. વેશ્વિક મંદીના આ સમયગાળામાં સુરતના હીરા તથા કાપડ ઉદ્યોગે આધુનિક તથા સુસજ્જ બની વૈશ્વિક બજારોને સર કરવા કમર કસવી પડશે.

છેલ્લા વર્ષોમાં સુરત મહાનગરપાલિકાએ શહેરના તળ તથા નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પાયાની સુવિધાઓના મહત્તમ કાર્યો પુરા કર્યા છે સુરત ફલાય ઓવરબ્રિજના શહેર તરીકે ગુજરાતભરમાં વિખ્યાત થઈ રહયું છે તાપી ઉપર હાલ ઝડપભેર કેબલ સ્ટેઈડ બ્રિજ બંધાઈ રહેલ છે હોપપુલની બાજુમાં તેમજ અન્ય બીજા પુલોનું આયોજન હાથવેતમાં છે.

આવા સમયમાં પ્રાઈવેટ પબ્લિક પાર્ટીસીપેશન ઉર્ફે પીપીપી મોડેલથી અનેક પ્રકલ્પો સાકાર કરવાની જરૂર છે. શહેરના વિશાળ ઉદ્યોગગૃહો તથા અગ્રણી એકમોને અપીલ કરૂ છું કે તેઓ ઈન્ફ્રાસ્ટ્રકચર, પરિવહન, ઉર્જા, મનોરંજન તથા શિક્ષણ જેવા વિપ્તવધ ક્ષેત્રે નવા આયોજનમાં રસ લે. અને પાલિકા તથા રાજય સરકારના સહયોગથી તેને ઝડપભેર વિકસાવે.

જેથી સુરત વિશ્વના ફાસ્ટેસ્ટ ડેવલોપીંગ સીટીની દોડમાં પોતાનું ચોથુ સ્થાન જાળવી રાખે અને પહેલું સ્થાન લેવા તરફ પહેલ કરે.

દોસ્તો અંગ્રેજો આવ્યા તે પહેલા પણ સુરત સમૃધ્ધિથી છલકાતું શહેર હતુ આપણા એ વર્ષો પાછા ફરી રહયા છે શહેરના અસંખ્ય રસ્તાઓ પાકા, પહોળા સીસી રોડમાં પરિવર્તિત થઈ રહયા છે બી.આર.ટી.એસનું કામ પુર જોશમાં ચાલુ છે શહેરનું નવું નજરાણું અને ચાર દિવસ પહેલાજ મા.મુખ્યમંત્રીશ્રીના શુભ હસ્તે જેનો શિલાન્યાસ થયો એવો એમ્યુઝમેન્ટ થીમ પાર્ક ભારતભરમાં બેજોડ બની રહેનાર છે.

ડુમસ ચોપાટી,આઉટર રીંગરોડ તથા રીવરફ્રન્ટ જેવા અનેક ભેગા આયોજનોની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. મલ્ટીલેવલ પાર્કીગની સુવિધાઓ ઝડપભેર વિકસાવાઈ રહી છે. સુરતનો 'સ' એ સ્વચ્છતા, સુંદરતા, સુવિધા તથા સમૃધ્ધિના 'સ' સાથે સુમેળ ધરાવે છે. તેમાં સાહસિકતા,સલામતી અને સદભાવનાના 'સ' પણ ઉમેરાયા છે.

**Continue …**






સુરત એ ગુજરાતનું અભિન્ન અંગ છે. આજે ગુજરાત રાજય માનનીય મુંખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની આગેવાની હેઠળ જબરદસ્ત આગળ આવી ગયું છે. એગ્રો, ઓટો, એનર્જી, એજયુકેશન તથા ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા ક્ષેત્રોમાં ગુજરાત અગ્રેસર બન્યું છે. સુરત અને ગુજરાત બંને એક સાથે તાલમેલયુકત ઝડપી વિકાસના સહભાગી બન્યા છે. આખા દેશની નજર આપણી ઉપર હોય ત્યારે ઘ્યાન રાખજો કે આપણને કોઈની નજર ન લાગી જાય.

આજે સ્વાતંત્ર્ય પર્વ ઉપર આપણને યાદ આવે છે કે આઝાદીના જંગમાં કેટકેટલા વીર શહીદોએ બલિદાન આપ્યા હતા. હવે આ આઝાદીને સફળ કરવા આપણે સહુએ પણ અલગ પ્રકારના બલિદાનો આપવા પડશે.આપણે આપણા આળસ, સ્વાર્થ, ખોટી નીતિરીતીઓ વગેરેને તિલાંજલિ આપીશું તો વિકાસની દોડમાં અગ્રેસર રહી શકીશું અને આઝાદીના લડવૈયાઓનું સાચું તર્પણ કરી શકીશું. આપણા પૂર્વજોએ અંગ્રેજો સામે લડવાનું હતું. જયારે આપણે દેશની અંદરના જ ભ્રષ્ટ્રાચાર મોંઘવારી તથા દુરાચારો જેવા દુશ્મનો સામે લડવાનું છે.

લંડન ખાતે તાજેતરમાં જ ઓલમ્પિક રમતોત્સવ સમાપ્ત થયો છે. ભારતે એમાં ૬ પદકો કબજે કર્યા છે. ભારતીય રમતવીરો નાના પાયે પણ ગજુ કાઢી રહયા છે. હું તેમને  વિશેષ અભિનંદન આપું છું કે, તેમણે આપણને ગુલામ બનાવનાર દેશની ભૂમિ પર આ જંગ જીત બતાવ્યો છે અને મા ભોમનું નામ રોશન કર્યુ છે.

જુના સંકલ્પો પરિપૂર્ણ કરીએ.નવા સંકલ્પ લઈએ.એક સ્વસ્થ સુરતી,ગરવા ગુજરાતી તથા ભડવીર ભારતીય બની બતાવીએ.

ત્યારબાદ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના ઉદ્‌બોધન બાદ વિધાર્થીઓ ધ્વારા બલૂન ઉડાડવામાં આવયા હતા. તથા આ પ્રસંગે વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર સુરત મહાનગરપાલિકાનાં અધિકારી/કર્મચારીશ્રીઓને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.તથા અધિકારી/કર્મચારીશ્રીઓના પુત્ર–પુત્રીઓને સ્કોલરશીપ આપવામાં આવેલ હતી. કલાશ્રી સંસ્થા તથા સંસ્કાર ભારતી વિઘાલયની બાળાઓ ધ્વારા પ્રાર્થના તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, કિશોરભાઈ વાંકાવાલા તથા ડે.મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિનાં મા. અઘ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, નેતાશ્રી શાસકપક્ષશ્રી દયાશંકર સિંહ, વિવિધ સમિતિના અઘ્યક્ષશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં અધિકારીશ્રીઓ, કર્મચારીગણ વિવિધ શાળાના બાળકો ઉપસ્થિત રહી સમારંભને સફળ બનાવ્યો હતો. તથા ડકકા ઓવારે યોજાયેલ આતશબાજીના કાર્યક્રમમાં પણ શહેરીજનો ઉત્સાહપૂર્વક જેડાયા હતા.

TOP

# સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪/૦૮/૨૦૧૨ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના "જય જય ગરવી ગુજરાત" અને બીજા અનેક ગીતો ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૫/૦૮/૧૨ ના રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર, ઈશ્વરપુરા,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાની બાજુમાં, ડીંડોલી, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતા શ્રીદયાશંકર શકલનારાયણસિંહ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત એસ.દેસાઈ, લિંબાયતઝોનનાં ઝોનલચીફ શ્રી એ.જે.ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો. એચ.સી.ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો. કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ડીંડોલી/લિંબાયત શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ. ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ડીંડોલી શહેરી આરોગ્યકેન્દ્રની આસપાસ વિસ્તારના કુલ ૪૪૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૬૨, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૨, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૩, બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૮, ફિઝીશ્યન દ્વારા ૧૧૭, સર્જન દ્વારા ૨૧, મેડીકલ ઓફીસર દ્વારા ૩૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૪ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસના ૨૮ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૪૬ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૧૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦૦, ઓરલ પીલ્સ ૧૦૫ પેકેટ,આર્યન ફોલીક ૪૦૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૪ બાળકને બી.સી.જી., ૪૪ બાળકોને ડીપીટી, ૧૨ બાળકોને મીઝલ્સ, ૩૭ બાળકોને વિટામીન–એ, ૪૮ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૨૩૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનરશ્રી એમ.કે.દાસ ના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ–** આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૦૧/૦૯/૧૨ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી પાસે, કાપોદ્રા, વરાછા, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP